પરિચય વિભાગ By www.tethtatguru.com

# સાહિત્યકારો પરિચય પાર્ટ- ૧૦

www.tethtatguru.com

## ગુણવંત શાહ

| ગુણવંત શાહ | |
|---|---|
| જન્મની વિગત | ૧૨ માર્ચ, ૧૯૩૭<br>રાંદેર, સુરત, ગુજરાત, ભારત |
| રાષ્ટ્રીયતા | ભારતીય |
| નાગરીકતા | ભારતીય |
| અભ્યાસ | પીએચ.ડી. |
| વ્યવસાય | લેખક, નિબંધકાર, શિક્ષક |
| ખિતાબ | રણજિતરામ સુવર્ણ ચંદ્રક (૧૯૯૭) |
| ધર્મ | હિંદુ |
| જીવનસાથી | અવંતિકા શાહ |
| સંતાન | મનિષા, અમિષા, વિવેક |
| માતા-પિતા | ભૂષણલાલ |

ટેટ,એચ.ટાટ જેવી પરીક્ષાઓની સંપૂર્ણ તૈયારી માટે અમારી વેબ સાઇટ www.tethtatguru.com ની મુલાકાત લો.

**શાહ ગુણવંત ભૂષણલાલ (૧૨-૩-૧૯૩૭)** (ગુજરાતી: ગુણવંત શાહ), એ **ડૉ. ગુણવંત બી. શાહ** તરીકે પણ જાણીતા છે, (૧૯૩૭માં રાંદેર, સુરત,ગુજરાતમાં જન્મ) તેઓ જાણીતા વિચારક, લેખક અને પત્રકાર છે. ગુજરાતી સાહિત્ય સભા દ્વારા સ્થાપિત અને ગુજરાતી સાહિત્યમાં સૌથી ઉચ્ચ ગણાતો *રણજીતરામ સુવર્ણ ચંદ્રક* તેઓને ૧૯૯૭માં મળ્યો હતો.

## સવિશેષ પરિચય

ગુણવંત શાહ મુખ્યત્વે નિબંધકાર, ચરિત્રકાર, નવલકથાકાર છે.તેમનો જન્મ રાંદેર (સુરત)માં થયો હતો અને પ્રાથમિક શિક્ષણ રાંદેરમાં પુર્ણ કર્યુ હતુ.તેમણે માધ્યમિક શિક્ષણ સુરત ખાતે આવેલી જૈન હાઇસ્કૂલ માં લીધુ હતુ.તેમણે ૧૯૫૭માં રસાયણ વિષય સાથે બી.એસ.સી ની ઉપાધી મેળવી હતી. ઉપરાંત તેમણે ૧૯૫૯માં મ. સ. યુનિવર્સિટીમાંથી બી.ઍડ ની ઉપાધી મેળવી હતી. ત્યારબાદ તેમણે ત્યાંથી જ પછી એમ.ઍડ. અને પીએચ.ડી.ની ઉપાધી મેળવી હતી અને ૧૯૬૦થી ૧૯૭૨ સુધી મ. સ. યુનિવર્સિટીમાં રીડર રહ્યા હતા.તેઓ ૧૯૬૭-૬૮માં અમેરિકાની મિશિગન યુનિવર્સિટીમાં મુલાકાતી પ્રાધ્યાપક તેમજ ૧૯૭૨-૭૩માં ટેકનિકલ રિસર્ચ ટ્રેનિંગ ઇન્સ્ટિટ્યુટ, મદ્રાસમાં શિક્ષણ વિભાગના અધ્યક્ષ રહી ચૂક્યા છે.

તેમણે ૧૯૭૩-૭૪માં એસ. એન. ડી. ટી. યુનિવર્સિટી, મુંબઈમાં વિભાગીય અધ્યક્ષ તરીકે કામગીરી બજાવી હતી.તેઓ ૧૯૭૪થી દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના શિક્ષણ વિભાગના અધ્યક્ષ હ્યાં હતા. ઉપરાંત તેમણે ‘નૂતન શિક્ષણ’ના તંત્રી તરીકે પણ કાર્ય કર્યુ હતુ.

## શિક્ષક તરીકે

- તેમણે ૧૯૬૧-૭૨ દરમિયાન વડોદરાની મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ખાતે પ્રવક્તા અને વાચક તરીકે સેવાઓ આપી.
- વર્ષ ૧૯૬૭-૬૮ દરમિયાન તેમણે અમેરીકાની મિશિગન યુનિવર્સિટી ખાતે મુલાકતી પ્રાધ્યાપક તરીકે પણ કાર્ય કર્યુ
- તેમણે ૧૯૭૨-૭૩ દરમિયાન તકનીકી શિક્ષક તાલીમ સંસ્થા, મદ્રાસ (જે હવે ચેન્નાઇ તરીકે ઓળખાય છે) માં પ્રાધ્યાપક તેમજ શિક્ષણ ખાતાનાં વડા તરીકે સેવાઓ આપી.
- વર્ષ ૧૯૭૩-૭૪ દરમિયાન તેમણે SNDT વિમેન્સ યુનિવર્સિટી બોમ્બે ખાતે (જે હવે મુંબઈ તરીકે ઓળખાય છે) પ્રાધ્યાપક તરીકે સેવા આપી.
- તેમણે દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત ખાતે પ્રાધ્યાપક તરીકે તેમજ શિક્ષણ વિભાગનાં વડા તરીકે પણ સેવા આપી છે.

**ટેટ-૧ , ટેટ-૨ . એચ.ટાટ, ટાટ,, પોલીસ કોન્સ્ટેબલ, ક્લાર્ક તથા અન્ય પરિક્ષાઓની તૈયારી માટે તથા પ્રાથમિક શાળાના શિક્ષકો માટે જનરલ નોલેજ વધારવા ખાસ ઉપયોગી ઓનલાઇન એન્ડ્રોઇડ એપ્લીકેશન ડાઉનલોડ કરવા Play Store મા TET HTAT GURU લખી સર્ચ કરો. અને પરિક્ષાની મહતમ તૈયારી કરો**

## સાહિત્યને લગતા સર્જનાત્મક કાર્યો

- *મહંત, મુલ્લા, પાદરી*, ૧૯૯૯.
- કૃષ્ણનું જીવનસંગીત (મીન્સ 'રિધમ ઓફ લૉર્ડ કૃષ્ણ'ઝ લાઇફ') .
- વિચારોનાં વૃંદાવનમાં (મીન્સ 'ઇન ધ હેવનલી ગાર્ડન ઓફ થોટ્સ')
- અસ્તિત્વનો ઉત્સવ (મીન્સ 'સેલીબ્રેશન ઓફ એક્ઝિસ્ટન્સ')

- વિસ્મયનું પરોઢ(૧૯૮૦) (ગદ્યકાવ્ય)
- રજકણ સૂરજ થવાને શમણે(૧૯૬૮) ( નવલકથા)
- મૉટેલ (૧૯૬૮) ( નવલકથા)
- કોલંબસના હિંદુસ્તાનમાં (૧૯૬૬)( પ્રવાસ પુસ્તક )

## નિબંધસંગ્રહો

- કાર્ડિયોગ્રામ (૧૯૭૭)
- રણ તો લીલાંછમ (૧૯૭૮)
- વગડાને તરસ ટહુકાની (૧૯૭૯)
- વિચારોના વૃંદાવનમાં(૧૯૮૧)
- મનનાં મેઘધનુષ(૧૯૮૫)

## ચરિત્રગ્રંથો

- ગાંધી-નવી પેઢીની નજરે (૧૯૮૨)
- મહામાનવ મહાવીર (૧૯૮૬)
- કરુણામૂર્તિ બદ્ધ(૧૯૮૩)

## પ્રકીર્ણ ગ્રંથો

- શિક્ષણની વર્તમાન ફિલસૂફીઓ (૧૯૬૪)
- સાવધાન, એકવીસમી સદી આવી રહી છે(૧૯૮૭)
- કૃષ્ણનું જીવનસંગીત(૧૯૮૭)

## વર્તમાન જીવન

તેઓ હાલમાં જયપ્રકાશ નારાયણ રોડ (જે જૂના પાદરા રોડ તરીકે પણ જાણીતો છે), વડોદરામાં રહે છે. તેઓ હાલમાં દિવ્ય ભાસ્કર, એક પ્રમુખ ગુજરાતી Gujarati દૈનિક અને નવનીત સમર્પણ, એક પ્રમુખ ગુજરાતી સામયિકમાં લેખનકાર્ય કરી રહ્યાં છે.

આ પ્રકારની વધૂ જનરલ નોલેજ ની ફાઇલ ડાઉનલોડ કરવા માટે અમારી વેબ સાઇટ

www.tethtatguru.com ની મુલાકાત લો.

## પુરસ્કારો અને ઓળખ

1. રણજિતરામ સુવર્ણ ચંદ્રક, ગુજરાતી સાહિત્યમાં સર્વોચ્ચ સાહિત્યિક પુરસ્કાર, ૧૯૯૭માં.[૧]
2. ૧૯૭૯માં લેઇપઝિગ, પૂર્વ જર્મની ખાતે UNESCOનાં સેમિનારમાં તેમણે ભારતનું પ્રતિનિધિત્વ કર્યું.[3]
3. તેઓ એશિયન ડેવલોપમેન્ટ બેન્ક, મનિલામાં બાંગ્લાદેશમાં શિક્ષણ માટે ૧૯૮૪-૮૫ દરમ્યાન કન્સલ્ટન્ટ હતા.[3]

# ગોવર્ધનરામ ત્રિપાઠી

**ગોવર્ધનરામ માધવરામ ત્રિપાઠી**



| | |
|---|---|
| **જન્મની વિગત** | ૨૦ ઓક્ટોબર, ૧૮૫૫<br>નડીઆદ, ખેડા જિલ્લો, ગુજરાત, ભારત. |
| **મૃત્યુની વિગત** | ૪ જાન્યુઆરી, ૧૯૦૭<br>મુંબઇ |
| **રાષ્ટ્રીયતા** | ભારતીય |
| **અભ્યાસ** | બી.એ. |
| **ધર્મ** | હિંદુ |
| **જીવનસાથી** | હરિલક્ષ્મી |
| **માતા-પિતા** | શિવકાશી, માધવરામ ત્રિપાઠી |

ટેટ,એચ.ટાટ જેવી પરીક્ષાઓની સંપૂર્ણ તૈયારી માટે અમારી વેબ સાઇટ www.tethtatguru.com ની મુલાકાત લો.

**ગોવર્ધનરામ માધવરામ ત્રિપાઠી** (જન્મ: ઓક્ટોબર ૨૦, ૧૮૫૫, મૃત્યુ: ૪ જાન્યુઆરી, ૧૯૦૭) નો જન્મ ખેડા જિલ્લા ના નડીઆદ ના ધર્મપ્રિય બ્રાહ્મણ માધવરામ ત્રિપાઠી ને ત્યાં થયો હતો. પિતા અત્યંત ધાર્મિક વૃત્તિના અને દિલના બહુ ભોળા. જ્યારે માતા શિવકાશી રગેરગ વ્યવહારુ. પિતા ની ધર્મનિષ્ઠા અને માતા ની વ્યવહારુતા - બન્ને ગોવર્ધનરામ વારસા માં મળ્યા હતા. દાદાના સમયથી ઘરમાં રહેતા મુનિ મહારાજ પાસે વીતેલા બાળપણ અને ઘરના ધાર્મિક વાતાવરણથી ચિત્ત પર પડેલો વૈષ્ણવધર્મ ને વેદાંતવિચારનો પ્રભાવ, કિશોરાવસ્થાથી વાચનનો અતિ શોખ, કાકા મનઃસુખરામ સાથેનો સહવાસ વગેરે એ ગોવર્ધનરામને ધાર્મિક, વિદ્યાવ્યાસંગી અને આર્યસંસ્કૃતિ પ્રત્યે અનુરાગી બનાવવામાં મહત્વનો ભાગ ભજવ્યો હતો.

## અભ્યાસ અને શરૂઆતનું જીવન

ગોવર્ધનરામ નું પ્રાથમિક શિક્ષણ મુંબઈ ની બુદ્ધિવર્ધક શાળા માં થયો હતો. પછી અંગ્રેજી ત્રણ ધોરણ નડિયાદ માં અને ચોથા ધોરણથી મુંબઇ ની એલ્ફિન્સ્ટન હાઈસ્કૂલ માં કર્યો. ઈ.સ. ૧૮૭૧ માં મેટ્રિક અને બી.એ. થયા. કૉલેજના અભ્યાસ દરમિયાન કાવ્યરચના કરવાનો અને લેખો લખવાનો પ્રારંભ થઈ ગયેલો. પ્રારંભના વર્ષોમાં ગુજરાતી કવિતા કરતાં સંસ્કૃત કવિતા રચવા તરફ વિશેષ રુચિ હતી તે સંસ્કૃતમાં એમણે કરેલા ગિરનારવર્ણન પરથી તેમ જ કાલિદાસના ‘મેઘદૂત’ ના અનુકરણમાં શરૂ કરેલું ‘મનોદૂત’ કે પ્રથમ પત્ની હરિલક્ષ્મીના અવસાનથી જન્મેલા શોકથી ૧૮૭૫ માં રચાયેલું ‘હૃદયરુદિતશતક’ એ કાવ્યો પરથી જોઈ શકાય છે. એ સિવાય ૧૮૭૩ ના વર્ષમાં અંગ્રેજીમાં લખાયેલા ‘ઈઝ ધેર એની ક્રિયેટર ઑવ ધ યુનિવર્સ ?’, ‘ધ સ્ટેટ ઑવ હિંદુ સોસાયટી ઈન ધ બોમ્બે પ્રેસિડન્સી’ કે એવા અન્ય લેખો એમની વ્યાપક વિષયોને ઊંડાણ માં લેવાની મનોવૃત્તિના સૂચક છે. પરંતુ આ પ્રારંભિક લેખોમાં એમના જીવન-વિચારને સમજવામાં ખૂબ ઉપયોગી, ૧૮૭૭માં લખાયેલો ‘એ રુડ આઉટલાઈન ઑવ ધ જનરલ ફિચર્સ ઑવ ઍસેટિઝમ ઈન માય સેન્સ ઑવ ધ વર્ડ’ લેખ છે. સંસારત્યાગમાં નહીં, સંસારસેવા અર્થે જીવન સમર્પિત કરવું એ જ સાચો સંન્યાસ એવી પ્રવૃત્તિમય સંન્યાસની ભાવના એમણે એ લેખમાં રજૂ કરી છે. કૉલેજના અભ્યાસકાળ દરમિયાન એમણે જીવન જીવવા માટે ત્રણ સંકલ્પ કર્યા,

૧. એલ.એલ.બી. થઈ મુંબઈ માં વકીલાત કરવી,

૨. ક્યારેય નોકરી કરવી નહિ,

૩. ચાળિસમે વર્ષે નિવૃત્તિ લઈને શેષજીવન સાહિત્ય અને સમાજની સેવામાં સમર્પિત કરવું.

અભ્યાસમાં તેમનો પહેલો-બીજો નંબર આવતો નહી, કારણ કે તેમનુ ધ્યાન પાઠ્યપુસ્તકો કરતાં બહારના સામાન્ય પુસ્તકો વાંચવામાં વિશેષ પ્રવુત્ત હતું. કૉલેજકાળ દરમિયાન તેમણે સાહિત્ય તથા કવિતાનો આમૂલ અભ્યાસ આદર્યો.

સંસ્કૃત માટે પણ એમનો શોખ વધતો ગયો. ઇતિહાસના વિષય ઉપર પણ તેમની ખાસ પ્રીતિ હતી. કૉલેજકાળથી જ કાવ્યરચના કરવાનો અને લેખો લખવાનો પ્રારંભ થઈ ચૂક્યો હતો. શરૂઆતમાં તેઓ ગુજરાતી કવિતાં કરતા સંસ્કુત કવિતા રચવા તરફ વિશેષ રુચિ ધરાવતા હતા. વ્યાપક વિષયોમાં-ઊંડાણમાં જવાની તેમની જન્મજાત વૃત્તિ હતી.

ગોવર્ધનરામની ઊઘડતી જતી જ્વલંત કારકિર્દીની નિયતિને જાણે ઈર્ષ્યા આવતી હોય તેમ ૧૮૭૪ ના વર્ષમાં દુ:ખો અને વિતંબણાઓએ તેમની પર ઘા પર ઘા કરવા માંડ્યા. તે વર્ષમાં તેમની પત્ની હરિલક્ષ્મીનું સુવાવડમાં અવસાન થયું અને તેમની બાળકી પણ માતાની પાછળ્ ચાલી નીકળી. એ જ વર્ષમાં પિતા માધવરામ ની પેઢી તૂટી. તેઓ બી.એ.માં નાપાસ થયા. આ સંકટપરંપરાને કારણે તેમનો ભોઈવાડમાં બંધાવેલો માળો વેંચવો પડ્યો. પછી આખું કુટુંબ મુંબઈ થી નડિયાદ ગયું. ગોવર્ધનરામ કૉલેજનો અભ્યાસ પૂરો કરવા માટે મુંબઈ માં જ રહ્યા. આવી આર્થિક આપત્તિઓને કારણે, ૧૮૭૯ થી ૧૮૮૩ સુધી એમને અનિચ્છાએ ભાવનગરના દીવાનના અંગત સેક્રેટરી તરીકે થોડો સમય નોકરી સ્વીકારવી પડી હતી.

ઈ.સ.૧૮૮૩ના અંત ભાગ માં તેમણે ભાવનગર છોડ્યુ ત્યારે દિવાનસાહેબે તેમને રૂ.૨૫૦/- ના પગાર થી ભાવનગરના ન્યાયખાતામાં રાખવાની ઈચ્છા બતાવી.આ ઉપરાંત જૂનાગઢના દીવાનસાહેબે રૂ.૩૦૦/- ની નોકરીની ઑફર કરી, પરંતુ હવે ગોવરધનરામને લાગ્યું કે પોતે સેવેલા સ્વપ્ન અને સિદ્ધાંતો પાળવાનો સમય આવી ગયો છે. એટલે નોકરી છોડીને સ્વતંત્ર વકીલાત કરવાનો દ્રઢ નિશ્ચય કર્યો.ભાવનગર થી માત્ર પચાસ રૂપિયાની મૂડી સાથે મુંબઈ આવીને વકીલાત શરૂ કરી. વકીલાત સરસ ચાલવા માંડી. ઈ.સ.૧૮૮૪ થી ઈ.સ.૧૮૮૭ સુધીમાં તેમણે પોતાના પિતાનું દેવું એકલે હાથે વાળી દીધું. ૪૦ વર્ષની વયે નિવૃત્ત થયા બાદ બાકીના જીવનમાં શું વાંચવું , શું લખવું , શાનો અભ્યાસ કરવો, વિવિધ પ્રવૃત્તિઓને કેટલું સ્થાન આપવું છે તેનો વિચાર તેમણે ઈ.સ. ૧૮૮૫ સુધીમાં કરી લીધો હતો. તે જ વર્ષથી તેમણે નિયમિત પોતાની રોજનીશી લખવા માંડી હતી.

## જીવન

ગોવર્ધનરામનો હવે સાહિત્યાકાશમાં ઉદય થઈ રહ્યો હતો. તેમનો સમર, ચિંતન અને પરિપાકરૂપ તેમનો હવે સુર્વણ યુગ નો ઉદય થયો ગણાયો. ઈ.સ.૧૮૭૭ માં શરૂ કરેલુ રસ ગંભીર કથા કાવ્ય 'સ્નેહ મુદ્રા' ઈ.સ.૧૮૮૪ માં તેમણે પોતાના હાથ માં લીધું, જે ઈ.સ. ૧૮૮૯ માં પ્રગટ થયું, પરંતુ આ સમયગાળાની સૌથી મહત્વ પ્રવૃત્તિ તો 'સરસ્વતી ચંદ્ર' ના પહેલા ભાગનો આરંભ થઈ ગયો હતો. ઈ.સ.૧૮૮૫ માં તે પૂરો લખાઈ ગયો ને ઈ.સ.૧૮૮૭ માં પ્રગટ થયો. આ જ અરસામાં એક બીજી મહત્વ ની ઘટના બની. ગોવર્ધનરામે પોતાના નાના ભાઈ હરિરામપાસે પુસ્તક-પ્રકાશનની પેઢી એન.એન.ત્રિપાઠીના સ્થાપના કરાવી. જેણે આજે પણ એક પ્રતિષ્ઠિત પ્રકાશન સંસ્થા તરીકે ઊજળું નામ રાખ્યું છે. ઈ.સ.૧૮૯૨માં 'સરસ્વતી ચંદ્ર' નો બીજોભાગ પ્રગટ થયો, ઈ.સ.૧૮૯૮ માં ત્રીજો ભાગ અને ઈ.સ.૧૯૦૧ માં ચોથો ભાગ પ્રગટ થયો હતો. અલબત્ત, ૧૮૮૩ થી જેની રચનાનો પ્રારંભ થઈ ગયો હતો તે ‘સરસ્વતીચંદ્ર’ : ભા.૧ (૧૮૮૭) નવલકથા એમની ગ્રંથરૂપે પ્રગટ થયેલી પહેલી કૃતિ છે. પછી ક્રમશઃ તેના ભા. ૨ (૧૮૯૨), ભા.૩ (૧૮૯૮) અને ભા.૪ (૧૯૦૧) ચૌદ વર્ષ દરમિયાન પ્રગટ થયા હતા.

સરસ્વતીચંદ્ર ગોવર્ધનરામ માધવરામ ત્રિપાઠીની બૃહત્કાય નવલકથા છે. આશરે અઢારસો પૃષ્ઠમાં વિસ્તરેલી આ કથાને ‘પુરાણ’, ‘પંડિતયુગનું મહાકાવ્ય’, ‘મહાનવલ’ વગેરે રૂપે ઓળખાવવામાં આવી છે. ગાંધીજી પૂર્વે ગુજરાતના શિક્ષિત સમાજ પર ઊંડો પ્રભાવ આ નવલકથાએ પાડ્યો એનું કારણ આ કૃતિમાં વ્યક્ત થયેલું જીવનવિષયક ઊંડું વ્યાપક ચિંતન તથા એ ચિંતનને કળારૂપ આપનારી સર્જકપ્રતિભા છે.

ગૃહ, રાજ્ય ને ધર્મ વિશેના પોતાના વિચારો પ્રજાના બહોળા વર્ગ સુધી પહોંચી શકે એ હેતુથી પોતે નિબંધને બદલે નવલકથાનો આશ્રય લીધો એવું લેખકે સ્પષ્ટ સ્વીકાર્યું છે, તો પણ એમની સર્જક તરીકેની ઊંચી શક્તિ ઘટનાસંયોજન, પાત્રનિરૂપણ ને ભાષામાં પ્રગટ થઈ છે. સંઘર્ષના તત્વથી પહેલા બે ભાગ કથાની દ્રષ્ટિએ વધારે રસિક બન્યા છે. પાછલા બે ભાગ માં સંઘર્ષ વિશેષત:વૈચારિક ભૂમિકાએ રહેતો હોઈ નવલકથા નિબંધાત્મક બની જાય છે.

ગોવર્ધનરામ ત્રિપાઠી ચાળીસ વર્ષના થયા. પોતે કરેલા સંકલ્પ મુજબ વકીલાતનો અત્યંત ધીકતો ધંધો સમેટી લીધો. વીસ બાવીસની કાચી, યુવાન અને મુગ્ધ ઉંમરે જીવનનો નકશો ચીતરવો અને તેને નિશ્ચયપૂર્વક વળગી રહેવું, પ્રેક્ટિસ છોડીને સાહિત્યસર્જનમાં જીવન સમર્પણ કરવું -આ બધી વિરલ વાતો કહેવાય ,જે ગોવર્ધનરામે કરી બતાવી. ગોવર્ધનરામ નડિયાદ આવીને વસ્યા. તરત જ કચ્છ સંસ્થા ની તરફ થી દીવાનગીરીની રૂ.૧,૫૦૦/-ના પગાર ની નોકરીનો પ્રસ્તાવ આવ્યો જેનો તેમેણે

ટેટ-૧ , ટેટ-૨ . એચ.ટાટ, ટાટ,, પોલીસ કોન્સ્ટેબલ, ક્લાર્ક તથા અન્ય પરિક્ષાઓની તૈયારી માટે તથા પ્રાથમિક શાળાના શિક્ષકો માટે જનરલ નોલેજ વધારવા ખાસ ઉપયોગી ઓનલાઇન એન્ડ્રોઇડ એપ્પ્લીકેશન ડાઉનલોડ કરવા Play Store મા TET HTAT GURU લખી સર્ચ કરો. અને પરિક્ષાની મહતમ તૈયારી કરો

ટેટ,એચ.ટાટ જેવી પરીક્ષાઓની સંપૂર્ણ તૈયારી માટે અમારી વેબ સાઇટ www.tethtatguru.com ની મુલાકાત લો.

મક્કમતાથી પણ આદરપૂર્વક અસ્વીકાર કર્યો. ઈ.સ.૧૯૦૨માં તેઓ એમ.એ ના ગુજરાતી વિષયમાં પરીક્ષક નિમાયા. આ માટે

મુંબઈ જતાં તેમને બે ઉત્તમ મિત્રરત્નો સાંપડ્યાં-પ્રો. ત્રિભુવનદાસ ગજ્જર અને સાક્ષર કેશવહર્ષદ ધ્રુવ. ઈ.સ.૧૯૦૪માં નડિયાદ માં પ્લેગ ફાટી નીકળ્યો. તેમાં તેમનાં માતુશ્રીનું અવસાન થયુ. ગાઢ મિત્ર પ્રો. ત્રિભુવનદાસ ની વારંવાર માંગણીને કરણે તેઓ ઈ.સ.૧૯૦૫ માં કુટુંબ સાથે મુંબઈ જઈ વસ્યા.

ગોવર્ધનરામનું વાંચન વિશાળ હતું. તેમણે અંગ્રેજી સાહિત્યનો પણ ઊંડો અભ્યાસ કર્યો હતો. પશ્ચિમ આ વિસ્તીર્ણ સાહિત્યે તેમને વિચારક મનને આર્યસંસ્કુતિનાં ઊંડાણો જોવા, સમજવા અને તુલનાત્મક દ્રષ્ટિથી તેનું મૂલ્ય આંકવા લલચાવ્યા. પરિણામે તેમની સર્વગ્રાહી તલસ્પર્શી મેધાને એક નવું જ દર્શન લાવ્યું. એક નવી જ દિશા સાંપડી. આ નવી દિશા પૂર્વ અને પશ્ચિમના અંશોના સમન્વયની. તેમણે ઘણા બળો જોય હતા,અનુભવ્યાં હતાં. દેશના યુવાનો ઉપર તેમની મોહિની પથરાયેલી પણ તેમણે જોઈ હતી. પશ્ચિમી સુધારાનો એ વેગીલો પવન આર્યસંસ્કુતિ મિટાવી દેવાની હોડ બકી હોય તેવો જોરશોરથી ફૂંકાઈ રહયો હતો. એ સમયે હિન્દુ સમાજને સુધારવાના શુભાશ્યથી દલપત-નર્મદ ભલે સાચા હોય તો પણ તેમણે માત્ર દોષો જ ગાયા હતા પણ, ગોવર્ધનરામની ગુણગ્રાહી દ્રષ્ટિને એ ન રુચ્યું. તેમણે આર્યસંસ્કુતિનાં મૂલ્યોને ફરી પ્રસ્થાપિત કરવાનું મુનાસિબ માન્યું. તેમણે પૂર્વ-પશ્ચિમનાં શુભ બળોને ઉત્સાહથી આવકાર્યા અને બંને સંસ્કૃતિઓના પાવન સરિતાના સંગમનું ચિત્ર રચાયું. આવી વિચારસરણી-મનોમંથનનો પરિપાક તે 'સરસ્વતીચંદ્ર'.

ગોવર્ધનરામનાં બીજાં સર્જનોમાં નવલરામની જીવનકથા તથા પિત્રુઅંજલિ-રૂપ લખેલું: 'માધવરામ-સ્મારિકા'. આ ઉપરાંત ધર્મ, સમાજશાસ્ત્ર, અર્થશાસ્ત્ર આદિ અનેક વિષયો પર તેમનાં ભાષણો તેમ જ અંગ્રેજી અને ગુજરાતી સામયિકો માં તેમણે લખેલા કેટલાક લેખો પણ ઉચ્ચ કોટિના હતા. ઈ.સ. ૧૯૦૫ માં અમદાવાદ માં પહેલવહેલી ભરાયેલી ગુજરાતી સહિત્ય પરીષદ ના તેઓ પ્રમુખ પદે ચૂંટાયા હતા. તે "ઓન ધ સોસાયટી એન્ડ મોરલ્સ" માં તેમણે મધ્ય કાલીન ગુજરાતી કવિઓની સામાજિક અને ધાર્મિક જીવન પરની અસરનું ચિત્ર ઉપસાવ્યું છે, જ્યારે સ્ક્રેપ બુક્સ ભાગ ૧-૨-૩ ની મરણોત્તર પ્રકાશિત કૃતિમાં લેખકની અંગત નોંધો છે.

આ સઘળા સર્જનોમાં લેખકની અદ્રિતીય વિદ્વતાનાં અને ઉત્કૃષ્ટ પ્રતિભાનાં દર્શન થાય છે. પણ તેમનું સબળ યશદાયી અને સર્વશ્રેષ્ઠ સર્જન તો " સરસ્વતીચંદ્ર " જ છે. અલબત્ત તેમાનુ ગધ દીર્ઘસૂત્રી હોવા છતાં તે ઉત્કૃષ્ટ કોટિનું છે. સમસ્ત જીવનના વિસ્તારને તેમણે આ મહાનવલ માં આવરી લીધો છે. આ ઉત્તમ કૃતિના સર્જક માત્ર એક વાર્તાકાર ન રહેતા દ્રષ્ટા પણ બને છે. પાંડિત્યને લોક્ભોગ્ય બનાવવા તેમણે કલાકારનો સ્વાંગ ધર્યો છે. આ કૃતિ એવુ ચિરંતન મૂલ્ય ધરાવે છે કે ગીતાની જેમ એનુ નવું નવું વિશિષ્ટ મૂલ્યાંનકન કરતાં ગુજરાતના સારસ્વતો કદી ધરાયા નથી. એ જ એની અમરકીર્તિર્ની યશપતાકા છે.

પ્રજામાં રામાયણ અને મહાભારતનાં સ્થાન એટલાં તો એકરસ થઇ ગયાં છે કે લોકો તેના કર્તા ઉપર થી કૃતિઓને નહિ, પણ એ કૃતિઓના જ કર્તા તરીકે વાલ્મીકિ અને વ્યાસને ઓળખે છે. ગુજરાતનાં જીવન અને સાહિત્યના પ્રથમ દ્રષ્ટા અને પંડિત ગોવર્ધન રામ ના સંદર્ભમાં પણ આવું જ થયું છે. ગોવર્ધન રામ એમની અમર કૃતિ "સરસ્વતીચંદ્ર" ના કર્તા તરીકે ઓળખાયા છે.

## સાહિત્ય સર્જન

- સ્નેહમુદ્રા
- સરસ્વતીચંદ્ર ભાગ - ૧, ૨, ૩ અને ૪ (૧૮૮૭, ૧૮૯૨, ૧૮૯૮, ૧૯૦૧)
- લીલાવતી જીવનકલા
- નવલરામનું કવિ જીવન
- દયારામનો અક્ષરદેહ
- સમલોચક
- સદાવસ્તુ વિચાર

ટેટ,એચ.ટાટ જેવી પરીક્ષાઓની સંપૂર્ણ તૈયારી માટે અમારી વેબ સાઇટ www.tethtatguru.com ની મુલાકાત લો.

# જીવન પ્રસંગો

ગોવર્ધનરામ જ્યારે મેટ્રિકની પરીક્ષા આપવા ગયા હતા, ત્યારે આ પ્રસંગ સર્જાયો હતો. તે વખતે મેટ્રિકની પરીક્ષામાં સંસ્કૃતની પરીક્ષા લિખિત અને મૌખિક લેવાતી હતી. સંસ્કૃતનું સાહિત્ય એમણે સારું વાચ્યું હતું. પણ વ્યાકરણ કાચું રહી ગયું હતું. તેથી લિખિત પરીક્ષામાં વ્યાકરણ ના સવાલો ના જવાબ લખી શક્યા નહી. પછી મૌખિક પરીક્ષા શરૂ થઈ. રોજ થોડા છોકરાઓ તપાસાય છે. તેમનો વારો લગભગ મહિને આવ્યો. તે દરમ્યાન ઘણા ઉજાગરા કરીને સંસ્કૃત વ્યાકરણ પાકુ કર્યું. જ્યારે મૌખિક પરીક્ષા આપવા ગયા ત્યારે તેમને ઓરડાની બહાર ઘણી રાહ જોવી પડી. ગોવર્ધનરામ તો આગલી રાતોના ઉજાગરા ને લીધે ત્યાં જ ઉંઘી ગયા. તે વખતે પ્રો. રામકૃષ્ણ ગોપાળ ભાંડારકર પરીક્ષક હતા. ગોવર્ધનરામ નો વારો આવ્યો ત્યારે તેમણે "ત્રિપાઠી" કરીને ઓરડામાંથી બૂમ પાડી. એક બૂમ નિષ્ફળ ગઈ એટલે બીજી બૂમ પાડી. તોયે જવાબ ન મળ્યો. તેથી તેનું કારણ તપાસવા તે જાત્તે બહાર અવ્યા અને જુએ છે તો બાંકડા ઉપર એક વિધ્યાર્થી ઘસઘસાટ ઊંઘે! બીજા પરીક્ષકને આવે વખતે ચીડ ચડે તેને બદલે એમના મનમાં આશ્ચર્ય અને દયા ઉત્પન્ન થયા.તેમણે પરીક્ષાર્થીને ઢંઢોળી જાગ્રત કર્યા. ગોવર્ધનરામ ઝબકીને જુએ છે તો "પરીક્ષક સાહેબ" પોતે જ એમની પાસે ઊભેલા! ગભરાટ ની લાગણી હજીતો પૂરી શમી નથી, ત્યાં તો સાહેબે પૂછ્યું , "ત્રિપાઠી તમારું નામ કે ?"

'જી , હા.'

કુતૂહલ થી ફરી પ્રશ્ન પુછાયો:"તમે ઊંઘતા હતા?

"ગોવર્ધનરામે શાંતિથી જવાબ દીધો, "સાહેબ, મને ઊજાગરો ઘણો હતો અને અહીં બેસી બહુ રહેવુ પડ્યુ,તેથી આંખ મળી ગઈ ."

વ્યાકરણ પાછળ ગોવર્ધનરામે આખો મહિનો ગાળ્યો હતો તેથી એમણે જે જે જવાબ આપ્યા તેથી ભાંડારકર ઘણા પ્રસન્ન થયા.

# ચંદ્રકાંત બક્ષી

| ચંદ્રકાંત બક્ષી | |
|---|---|
| જન્મની વિગત | ૨૦ ઓગસ્ટ, ૧૯૩૨<br>પાલનપુર, ગુજરાત, ભારત |
| મૃત્યુની વિગત | ૨૫ માર્ચ, ૨૦૦૬<br>અમદાવાદ |
| મૃત્યુનું કારણ | હૃદયરોગ |
| રહેઠાણ | મુંબઇ, અમદાવાદ |
| રાષ્ટ્રીયતા | ભારતીય |
| હુલામણું નામ | બક્ષીબાબુ, બક્ષી |
| નાગરીકતા | ભારતીય |

ટેટ,એચ.ટાટ જેવી પરીક્ષાઓની સંપૂર્ણ તૈયારી માટે અમારી વેબ સાઇટ www.tethtatguru.com ની મુલાકાત લો.

| | |
|---|---|
| અભ્યાસ | બી.એ., એલ.એલ.બી., એમ.એ. |
| વ્યવસાય | લેખક, અધ્યાપક, જાહેર વક્તા |
| સક્રિય વર્ષ | ૧૯૫૧-૨૦૦૬ |
| ધર્મ | હિંદુ |
| જીવનસાથી | બકુલા બક્ષી |
| સંતાન | રીવા બક્ષી |

હસ્તાક્ષર




**ચંન્દ્રકાંત કેશવલાલ બક્ષી** (૨૦ ઓગસ્ટ, ૧૯૩૨-૨૫ માર્ચ, ૨૦૦૬) આધુનિક ગુજરાતી સાહિત્યના અગ્રગણ્ય અને જાણીતાં લેખક હતા.

## જીવન



ચંદ્રકાંત બક્ષીનું પાલનપુરનું નિવાસસ્થાન - બક્ષીવાસ, ખોડો લીમડો

તેમનો જન્મ પાલનપુર ખાતે ૨૦ ઓગસ્ટ, ૧૯૩૨ ના રોજ થયો હતો. તેમણે પ્રારંભનું શિક્ષણ પાલનપુર અને કલકત્તામાં લીધું હતું. ૧૯૫૨માં તેઓ કલકત્તા યુનિવર્સિટીની સેન્ટ ઝેવિયર્સ કોલેજમાંથી બી.એ. થયા. ૧૯૫૬માં એલ.એલ.બી. અને ૧૯૬૩માં ઇતિહાસ અને રાજકારણ વિષય સાથે કલકત્તા યુનિવર્સિટીમાંથી એમ.એ. થયા. કલકત્તામાં થોડો સમય કપડાંની દુકાનમાં વેપાર કર્યા બાદ તેઓ મુંબઇમાં સ્થાયી થયા હતા. ૧૯૭૦માં

ટેટ,એચ.ટાટ જેવી પરીક્ષાઓની સંપૂર્ણ તૈયારી માટે અમારી વેબ સાઇટ www.tethtatguru.com ની મુલાકાત લો.

મુંબઇ સ્થાયી થયા પછી ઇતિહાસ અને રાષ્ટ્રવિજ્ઞાનના અધ્યાપક તરીકે ૧૯૭૦થી ૧૯૮૦ સુધી તેઓ મીઠીબાઈ કૉલેજ તથા મુંબઈ યુનિવર્સિટીના અનુસ્નાતક વિભાગમાં કાર્યરત રહ્યા. ૧૯૮૦–૮૨ સુધી તેઓ મુંબઈની રાહેજા કૉલેજના પ્રિન્સિપાલ પદે રહ્યા. આ પછી તેઓ પૂર્ણ સમયના લેખક/પત્રકાર તરીકે જ સક્રિય રહ્યા. તેઓ વિવિધ સામયિકો અને દૈનિકોમાં લેખ લખતા હતા. તેમના કુટુંબમાં તેમની પુત્રી રીવા અને પત્ની બકુલા (જેઓ તેમના પહેલા ૨૦૦૨ની સાલમાં અવસાન પામ્યા) હતા. તેઓ મુંબઇના શેરીફ પદે પણ રહી ચૂક્યા હતા.

૨૫ માર્ચ, ૨૦૦૬ ના રોજ અમદાવાદ ખાતે હૃદયરોગના હુમલાથી તેમનું અવસાન થયું.

તેમના ચાહકોમાં તેઓ *બક્ષી* અથવા *બક્ષીબાબુ*ના નામથી જાણીતા હતા.

આ પ્રકારની વધૂ જનરલ નોલેજ ની ફાઇલ ડાઉનલોડ કરવા માટે અમારી વેબ સાઇટ

www.tethtatguru.com ની મુલાકાત લો.

## લેખન શૈલી

તેઓ તેમના લખાણોનો ક્યારેય એક કરતાં વધુ કાચો મુસદો તૈયાર નહોતો કરતા. તેમનાં લખાણોમાં ગુજરાતી અને ઉર્દુ શબ્દોનું મિશ્રણ રહેતું. તેમની નવલકથા અને વાર્તાઓના પાત્રો મુશ્કેલી ભર્યું જીવન જીવતા દર્શાવાયા છે. તેમણે ઐતહાસિક નવલકથાઓ *અતીતવન* અને *અયનવૃત* પણ લખી છે. ચંદ્રકાંત બક્ષીની ટૂંકી વાર્તાઓ શહેરી જીવન, લાગણીઓનો ઉભરો, યુદ્ધનું વાતાવરણ વગેરે પાશ્વભૂમિકાઓ ધરાવતી હતી. તેમણે ઇતિહાસ અને સંસ્કૃતિ પર ખૂબ લખ્યું છે. રેડિફ અનુસાર જ્યારે તેઓ તેમને ન ગમતાં વ્યક્તિઓ વિશે લખતા ત્યારે તેમનું લખાણ તીક્ષ્ણ અને ભેદક હતું. તેમની આત્મકથા *બક્ષીનામા* ગુજરાતી દૈનિક સમકાલીનમાં હપ્તાવાર પ્રગટ થઇ હતી. આ આત્મકથાના કેટલાંક પ્રકરણો તેઓ તેમનાં દુશ્મનના મૃતદેહમાં પેશાબ કરતા હોવાની કલ્પના કારણે પ્રગટ નહોતા કરવામાં આવ્યા.

## પારિતોષિક

૧૯૬૮માં *પેરિલિસિસ* નવલકથા માટે તેમને ત્રીજા ઇનામનો અડધો ભાગ ગુજરાત સરકાર તરફથી એનાયત થયો હતો, જેનો તેમને અસ્વીકાર કર્યો હતો. ૧૯૮૪માં *મહાજાતિ ગુજરાતી* માટે ગુજરાતી સાહિત્ય અકાદમી દ્વારા અપાયેલ પ્રથમ ઇનામ તેમને પાછું આપી દીધું હતું.

## વિવાદ

ગુજરાત સરકારે તેમની ટૂંકી વાર્તા *કુત્તી* પર અશ્લિલ લખાણ માટે કેસ કરેલો. તેમણે આ માટે સરકાર વિરુધ્ધ કોર્ટમાં કેસ લડેલો. છેવટે ગુજરાત સરકારે તેમની સામેના બધાં આરોપો પાછાં ખેંચી લીધેલા.

## સર્જન

તેમની પ્રથમ વાર્તા *મકાનનાં ભૂત* કુમાર માસિકમાં જાન્યુઆરી, ૧૯૫૧ દરમિયાન પ્રકાશિત થઇ હતી. તેમણે કુલ ૧૭૮ પુસ્તકો લખ્યા છે, જેમાં ૧૭ પુસ્તકો ઇતિહાસ પર, ૨૬ નવલકથાઓ, ૧૫ ટૂંકી વાર્તાઓના સંગ્રહો, ૬ રાજકારણ સંબંધી પુસ્તકો, ૮ પ્રવાસવર્ણનો, ૨ નાટકો અને ૨૫ પુસ્તકો વિવિધ વિષયો પર છે. તેમની આત્મકથા *બક્ષીનામા* ત્રણ ભાગમાં વહેંચાયેલી છે. તેમનાં ૧૫ જેટલાં પુસ્તકો હિન્દી, મરાઠી, અંગ્રેજી તેમજ અન્ય ભાષાઓમાં અનુવાદિત થયેલ છે.

ટેટ-૧ , ટેટ-૨ . એચ.ટાટ, ટાટ,, પોલીસ કોન્સ્ટેબલ, ક્લાર્ક તથા અન્ય પરિક્ષાઓની તૈયારી માટે તથા પ્રાથમિક શાળાના શિક્ષકો માટે જનરલ નોલેજ વધારવા ખાસ ઉપયોગી ઓનલાઇન એન્ડ્રોઇડ એપ્લીકેશન ડાઉનલોડ કરવા Play Store મા TET HTAT GURU લખી સર્ચ કરો. અને પરિક્ષાની મહતમ તૈયારી કરો.

આ પ્રકારની વધૂ જનરલ નોલેજ ની ફાઇલ ડાઉનલોડ કરવા માટે અમારી વેબ સાઇટ www.tethtatguru.com ની મુલાકાત લો.